તંત્રી સ્થાનેથી

કેન્દ્રીય મંત્રી મંડળમાં ફેરબદલ ભાજપને મન સુધારો વિપક્ષને મન નાટક

કેન્દ્ર કે રાજ્યોની સરકારો મંત્રી મંડળમાં અવારનવાર ફેરબદલ કરતી હોય છે. ક્યારેક ક્યાંક સરકાર ચલાવવા સરળતા ઉભી કરવા આવી ફેરબદલ થતી હોય છે, તો ક્યારેક કોઈકને સાચવવા પણ ફેરબદલ થતી હોય છે. આ કોઈકની સાચવણી છેવટે તો સરકારની સાચવણી જ હોય છે. કોઈ નડતરરૂપ હોય તો સરકારમાંથી તેની હકાલપટી થતી હોય છે તો ક્યારેક બહાર નડતરરૂપ હોય તેવા નેતાને સરકારમાં સમાવવા પડતા હોય છે. અત્યાર સુધીનો આવો ઈતિહાસ છે. રવિવારે મોદી મંત્રી મંડળમાં ત્રીજી વખત ફેરફાર કરવામાં આવ્યો તેને સત્તાધારી પક્ષ ભાજપ તરફથી સરકારને વધુ સક્ષમ બનાવવા સુધારારૂપ ગણાવાયો છે. કેટલાક-ખાસ કરીને માધ્યમોના મતે મંત્રીઓના રિપોર્ટ કાર્ડ જોઈને નબળી કામગીરીવાળા મંત્રીઓને હટાવવામાં આવ્યા છે. જ્યારે ભાજપના વર્તુળોનો દાવો છે કે, કેટલાક મંત્રીઓની જરૂર સંગઠન માટે હતી તેથી તેમણે રાજીનામા આપ્યા છે. નજીકના સમયમાં કેટલાક રાજ્યોમાં વિધાનસભાઓની ચૂંટણીઓ છે અને કેન્દ્રમાં પણ ચૂંટણીને હવે પૂરા બે વર્ષ પણ બાકી નથી રહ્યા. સરકાર રચવા માટે-સત્તા પર આવવા કે ટકી રહેવા માટે ચૂંટણીઓ જીતવી જરૂરી છે અને ચૂંટણી જીતવા માટે પક્ષના સંગઠન માળખાને મજબૂત રાખવું જરૂરી છે. જો કેબિનેટમાંથી રૂખસદ પામેલા નેતાઓને સંગઠનમાં નક્કર જવાબદારીઓ સોંપાય તો આ ફેરબદલ માટે સંગઠનની જરૂર હોવાનું પ્રમાણિત થઈ જશે. અમુક મંત્રીઓને ફેરબદલથી નારાજગી થઈ હોવાના અહેવાલ માધ્યમોએ આપ્યા છે. તેમાં રાજીવ પ્રતાપ રૂડી નારાજ થઈને બિહાર ચાલ્યા ગયા હોવાનું જણાવાયું છે. તેમની ઈચ્છા મંત્રીમંડળમાં રહેવાની હોય અને પક્ષે તેમની સેવાઓ સંગઠનમાં લેવાનું વિચાર્યુ હોય તે તેમને ન ગમ્યું હોય તે બની શકે છે. પણ તેથી તે સાબિત નથી થતું કે તેમની રૂખસદ પાછળ તેમની નબળી કામગીરી હશે. વાજપાયી મંત્રી મંડળમાં સારી કામગીરી કરી બતાવી હતી. સંગઠન ક્ષેત્રે તેઓ એક સફળ નેતા તરીકે જાણીતા છે. ઉમા ભારતીને મંત્રી મંડળમાંથી પહેલાં રાજીનામું આપવાનું કહેવામાં આવ્યું હોવાના અહેવાલ હતા. પણ પછી તેમને મંત્રી મંડળમાં ચાલુ રખાયા છે. પણ તેમનું ખાતું બદલી નખાયું છે. સાધ્વી વાતવાતમાં નારાજ થવા માટે જાણીતા છે. તેઓ વિસ્તરણ કાર્યક્રમથી અળગા રહ્યા તેનું કારણ આ ફેરફારથી ઉદ્‌ભવેલી નારાજગી હોવાનું તારણ બાંધવામાં આવ્યું છે. સંસારની મોહમાયા છોડીને સાધુ બનેલા લોકો પણ સત્તાની મોહમાયામાં લપેટાઈ જાય છે. પુરાણકાળમાં સાધુ સંતો રાજ તંત્રને સલાહ આપવા પુરતો રાજકારણમાં રસ લેતા હતા. હવે સત્તામાં ભાગીદાર બની રહ્યા છે. સાધુ સંતોના તેમના અનુયાયીઓ પરના પ્રભાવના કારણે રાજકીય પક્ષો તેમને વધુ પડતું મહત્વ આપે છે. ખરેખર તો સાધુ સમાજે સાધુ સંતોના સત્તા સાથેના સંબંધો અંગે સમીક્ષા કરીને આ માટે કોઈ નીતિ નક્કી કરવી જોઈએ, જેથી સ્પષ્ટ થાય કે તેમના સત્તા સાથે સંબંધો કેવા હોવા જોઈએ ? કેન્દ્રીય મંત્રીમંડળના બદલાવથી વિપક્ષને આમ તો કોઈ ફરક નથી પડતો. પરંતુ તેમને સરકારની ટીકા કરવાનો આથી મોકો મળી જાય છે. તેઓ સત્તામાં હતા ત્યારે તેઓ પણ આવા ફેરબદલ કરતા હતા. છતાં વર્તમાન સરકારમાં થયેલા ફેરફારને વિપક્ષે સરકારની નબળી કામગીરીના પુરાવારૂપ ગણાવ્યો છે. કોંગ્રેસે બદલાવ પછીના મંત્રી મંડળને સીનિયર સિટીઝન કલબ તરીકે ઓળખાવી હતી. કેમ જાણે કોંગ્રેસના મંત્રી મંડળો સદાબહાર યુવાનોથીભર્યા રહ્યા ન હોય ? ૨૦૧૪ સુધી ૧૦ વરસ તેમના વડાપ્રધાન મનમોહનસિંહ શું યુવાન હતા ? તેમના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ સત્તા પર જ છેલ્લા શ્વાસ લીધા હતા. સ્વ. ઈંદિરા ગાંધી પણ વૃદ્ધ થઈ ચૂક્યા હતા. ડો. દિનેશસિંહ ચાલી પણ નહોતા શકતા તે સ્થિતિમાં તેમને ખાતા વગરના પ્રધાન એટલા માટે બનાવાયા હતા, જેથી તેમને સરકારી ખર્ચે સરકારી ખર્ચે સારવાર ઉપલબ્ધ કરાવી શકાય, તેવા આક્ષેપો તે દિવસોમાં થયા હતા. શું તેમની સરકાર તુ સમયે વૃદ્ધાશ્રમ હતી ? રાજ્યપાલ ભવનો તો કોંગ્રેસના સમયથી જ વૃદ્ધાશ્રમો તરીકે ઓળખાતા આવે છે.

જન્મદિવસ શુભેચ્છા

'બાળ જન્મદિવસ મુબારક' વિભાગમાં 'વેસ્ટર્ન ટાઈમ્સ'માં આપના બાળકના જન્મદિને ફોટોગ્રાફ વિનામૂલ્યે પ્રસિદ્ધ કરાવી જન્મદિનને યાદગાર બનાવો. નીચે રજૂ થયેલી કૂપનમાં વિગતો ભરીને મોકલી આપો.

નામઃ---
સંપર્કઃ ---------------------------------------
--------------------------- ટે.નં.----------
જન્મ તારીખઃ--------------- ઉંમર---------
શાળાનું નામ/સંપર્કઃ----------------------------

વાલીની સહી----------------ધોરણઃ-------

આપના બાળકનો પાસપોર્ટ ફોટો સવારની અને બપોરની આવૃત્તિમાં પણ છપાશે

નિયમો અને શરતોઃ ● ફોટોગ્રાફ કૂપન સાથે જન્મદિનની તારીખના ત્રણ દિવસ પહેલા રૂબરૂ કે ટપાલથી અમને મળી જવા જોઈએ. ● બાળકની ઉંમર ૧૦ વર્ષથી ઓછી હોવી જોઈએ. ● વેસ્ટર્ન ટાઈમ્સનો કોઈપણ કારણ દર્શાવ્યા વિના ફોટોગ્રાફ છાપવા/નાછાપવા કે રાખી મૂકવાના હકકો રહેશે. ● આ તારીખે પ્રસિધ્ધ થયેલ ફોટોગ્રાફનો કોઈપણ કાયદાકીય પૂરાવાના સ્વરૂપે ઉપયોગ થઈ શકશે નહી. ● જન્મતારીખના પુરાવા માટે જન્મના સર્ટીફીકેટની નકલ સામેલ કરવી આવશ્યક છે.

'વેસ્ટર્ન ટાઈમ્સ' ફોટોગ્રાફ મોકલવાનું સરનામુંઃ

૩૦૧, ત્રીજો માળ, ગાલા આર્ગોસ, હરીકૃપા ટાવર પાછળ, લેડીઝ હોસ્ટેલ નજીક, એલીસબ્રીજ, અમદાવાદ-૬ ફોનઃ ૨૬૪૦૨૮૮૦

રેનોએ ભારતમાં રેનો કેપ્ચર લોન્ચ કરવાની જાહેરાત કરી

અમદાવાદ,

ભારતમાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતી વાહન બ્રાન્ડ્સમાંથી એક રેનોએ આજે બે મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી હતી, જે ભારતમાં તેની મોજૂદગી વધારવાનું ચાલુ રાખવાની રેનોની મહત્ત્વાકાંક્ષા બતાવે છે. સૌપ્રથમ, મજબૂત પ્રોડકટ ઓફેન્સિવ સ્ટ્રેટેજી અને પથદર્શક પ્રોડકટ નાવીન્યતાઓની કટિબદ્ધતાના ભાગરૂપ રેનોએ મજબૂત ક્રોસઓવર ડીએનએ સાથે પ્રીમિયમ એસયુવી નવી પરિવર્તનકારી રેનો કેપ્ચર લોન્ચ કરવા સાથે તેની પ્રોડકટ રેન્જનું વિસ્તરણ કર્યું છે. ઉપરાંત રેનોએ ભારતમાં ૩૦૦ ડીલરશિપ આઉટલેટ્સની સિદ્ધિ પણ પાર કરી છે, જે તેને ગ્રાહક અનુભવને ઉત્તમ બનાવવા માટે પહેલોની આગેવાની સાથે સુમેળ સાધતાં વાહન ઉદ્યોગમાં નેટવર્ક ઝડપથી વિસ્તાર કરવામાંથી એક બનાવે છે. આ બે પ્રગતિ પર બોલતાં રેનો ઈન્ડિયા ઓપરેશન્સના કન્ટ્રી સીઈઓ અને મેનેજિંગ ડાયરેકટર શ્રી સુમિત સાહનીએ જણાવ્યું હતું કે ભારત રેનોની વૈશ્વિક વૃદ્ધિની યોજનાઓ માટે મહત્ત્વપૂર્ણ બજાર છે અને અમે દેશભરમાં અમારી મોજૂદગી વધારવા માટે વ્યાપક વેપાર વ્યૂહરચના બનાવી છે. તે અમારી મજબૂત પ્રોડકટ વ્યૂહરચના, અમારું ઝડપ નેટવર્ક વિસ્તરણ અને ગ્રાહકોને ખુશી આપવાની ખાતરી રાખવાના એકધાર્યા પ્રયાસોમાં પ્રદર્શિત થાય છે. અમે ભારતીય ગ્રાહકોને ઉત્તમ અનુકૂળ બને તે રીતે અમારા પ્રોડકટ પોર્ટફોલિયોનું વિસ્તરણ કરી રહ્યા છીએ અને વોલ્યુમ વધારવા માટે નવા અને ઊભરતા સેગમેન્ટ્સમાં ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. એસયુવી સેગમેન્ટ ભારતીય વાહન ઉદ્યોગમાં ઝડપથી વૃદ્ધિ પામતા સેગમેન્ટ્સમાંથી એક છે, જેમાં સ્ટાઈલિંગ અને ડિઝાઈન તત્ત્વો પર ગ્રાહકોનું બારીકાઈથી ધ્યાન વધી રહેલું જોવા મળે છે, જે ખરીદી નિર્ણયમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. રેનો કેપ્ચરમાં સુંદર સ્ટાઈલિંગ, સ્પષ્ટ પ્રદર્શિત રેનોની નવી ડિઝાઈન ડીએનએ સાથે અર્થપૂર્ણ ક્રોસઓવર ફ્રેન્ચ ડિઝાઈન છે, જે તેની વૈશ્વિક સફળતામાં મોટી ભૂમિકા ભજવે છે રેનો કેપ્ચર વ્યાપક રુચિઓ અને ઈચ્છાઓને પહોંચી વળે તે રીતે સાકાર કરવામાં આવી છે.

શ્રધ્ધા અને હર્ષોલ્લાસભર્યા માહોલમાં વિઘ્નહર્તાની વિદાય

ભરૂચ,

વિઘ્નહર્તાનું ભક્તિભાવપૂર્વક ગણેશ ચતુર્થીથી પૂજન અર્ચન કરતા ભરૂચના ભક્તોએ દુંદાળાદેવને અગલે બરસ તો જલ્દી આ ના નારાઓ સાથે ભાવભરી વિદાય આપી હતી. અબીલ ગુલાલની છોળો અને ગણપતિ બાપ્પા મોરીયા ના નારાઓ અને ડીજેની ધુનો સાથે વિઘ્નહર્તાની ભવ્ય વિસર્જન યાત્રા નીકળી હતી. ગણેશ ચતુર્થીના દિનથી ભક્તોનું આતિથ્ય માણી રહેલા ગણેશજીની વસમી વિદાયની ઘડી આવી પહોચી હતી. ભરૂચ શહેર જીલ્લામાં વિવિધ સ્થળે પ્રસ્થાપિત કરાયેલ ગણેશ પ્રતિમાઓ સાથે ગણેશ ભક્તો ડી.જે.ના તાલે નાચતા કૂદતા વિવિધ વસ્ત્ર પરિધાન સાથે વિસર્જન યાત્રામાં જોડાયા હતાં. સોસાયટી વિસ્તારમાં પ્રસ્થાપિત શ્રીજી પ્રતિમાઓની વિસર્જન યાત્રાનું શક્તિનાથ ખાતે સ્વાગત કરાયા બાદ નાની પ્રતિમાઓનુ સેવાશ્રમ રોડથી સ્ટેશન રોડ તરફ પાંચબત્તી ખાતે પ્રયાણ કરી નર્મદા નદીના પાવન જળમાં વિસર્જન માટે રવાના થતી હતી જયાં ગણપતિ બાપા મોરયા પુરચ્યા વર્ષી લૌકર યા ના નાદ સાથે ગણેશજીને ભાવભીની વિદાય આપતા હતા. બીજી બાજુ છેલ્લા વીસ બાવીસ વર્ષોની પરંપરાના બદલે આ વરસે સોનેરી મહેલના બદલે સનાતન હિન્દુ ઉત્સવ સમિતિ દ્વારા પાંચબત્તી ખાતે શ્રીજીની આરતી ઉતારી વિસર્જન યાત્રાનો પ્રારંભ કરાયો હતો જેમાં સંતો મહંતો સહિત રાજકીય અગ્રણીઓ પણ જોડાયા હતા. પાંચબત્તીથી ગણેશ વિસર્જન યાત્રામાં સોનેરી મહેલથી જુના ભરૂચના પરંપરાગત રૂટ પર તો કેટલીક ગણેશ વિસર્જન યાત્રા સ્ટેશન રોડથી ઝાડેશ્વર નીલકંઠેશ્વર ઘાટ અને અન્ય મોટી પ્રતિમાઓની વિસર્જન યાત્રા ભાડભૂત જવા પ્રસ્થાન કર્યું હતું.

GUJCHEM DISTILLERS INDIA LIMITED

Registered Office: Office No - 6 , National Chambers, 2nd Floor, Nr City Gold, Ashram Road, Ahmedabad-380009
CIN : L24230 GJ 1939 PLC 002480 website : www.gujchemdistillers.com email : gujchemdistillers@gmail.com Tel : 079-26580893

EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2017

(Rs. In Lakhs)

Particulars	For the Quarter Ended	
	30-06-2017	30-06-2016
Total income from operations (net)	-	-
Net profit / (Loss) for the period (before Tax, Exceptional and / or extraordinary items)	(7.10)	(3.28)
Net profit / (Loss) for the period before tax (after Exceptional and / or extraordinary items)	(7.10)	(3.28)
Net profit / (Loss) for the period after tax (after Exceptional and / or extraordinary items)	(7.10)	(3.28)
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)]	-	-
Equity share capital	16.34	16.34
Earnings Per Share (of Rs.10 each) (for continuing and discontinued operations) :		
(a) Basic	(4.39)	(2.03)
(b) Diluted	(4.39)	(2.03)

Notes:

1. The above is an extract of the detailed format of quarter ended financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the quarter end financial results are available on the Stock Exchanges websites i.e. www.bseindia.com & on the Company's website at www.gujchemdistillers.com.
2. The above results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at their meeting held on 5th September, 2017.
3. The above financial results have been prepared in accordance with Indian Accounting Standards (Ind AS) which are mandatorily applicable to the Company from April 1, 2017.

For Gujchem Distillers India Limited
Hem Manish
Managing Director
(DIN 01428688)

Date : 5th September, 2017
Place : Ahmedabad

જીંદાલ વર્લ્ડવાઈડ લિમીટેડ

JINDAL

રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ : "જીંદાલ હાઉસ", ડી માર્ટની સામે, આઈ.ઓ.સી. પેટ્રોલપંપ લેન,
શીવરંજની શ્યામલ ૧૩૨ ફીટ રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫ ● ઈ-મેલઃ csjindal@jindaltextiles.com
Website: www.jindaltextiles.com • Phone: 079-71001500 (Extn.-557) CIN: L17110GJ1986PLC008942

૩૧ મી વાર્ષિક સામાન્ય સભા, ઈ-વોટીંગ માહિતી અને બુક બંધ થવા અંગેની નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે :

(૧) વાર્ષિક સામાન્ય સભાની તારીખ અને સમયઃ

જીંદાલ વર્લ્ડવાઈડ લિમિટેડની ૩૧મી વાર્ષિક સામાન્ય સભા બુધવાર તા.૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ૨૦૯, ચીકુવાડી, સૈજપુર ગોપાલપુર, અમદાવાદ-૩૮૨૪૪૫ (ગુજરાત) ખાતે સાંજે ૫-૦૦ કલાકે એ.જી.એમ.ની નોટીસમાં દર્શાવ્યા મુજબના સામાન્ય અને સ્પેશયલ બીઝનેસ હાથ ધરવા માટે મળશે.

(૨) રવાનગી :

૩૧મી એ.જી.એમ.ની નોટીસ સાથે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ નો વાર્ષિક અહેવાલ તમામ સભ્યોને કંપની/ડિપોઝીટરી પાર્ટીસીપન્ટમાં નોંધાયેલા ઈ-મેલ આઈડી પર મોકલવામાં આવ્યો છે અને બાકીના તમામ સભ્યોને તેની ફીઝીકલ કોપી કંપનીમાં તેમના નોંધાયેલા સરનામે વ્યકિતગત રીતે મોકલવામાં આવી છે. એ.જી.એમ. ની નોટીસ બીએસઈ લિમિટેડની વેબસાઈટ "www.bseindia.com" અને એનએસઈ લીમીટેડની વેબસાઈટ "www.nseindia.com" પર ઉપલબ્ધ છે. સભ્યો કંપનીની વેબસાઈટ "www.jindaltextiles.com" પર થી પણ નોટીસ અને વાર્ષિક અહેવાલ મેળવી શકે છે. સભ્યો તેની નકલ મેળવવા કંપનીને ઈમેલ દ્વારા "csjindal@jindaltextiles.com" પર વિનંતી કરી શકે છે અથવા રજીસ્ટર્ડ ઓફિસ પરથી મેળવી શકે છે.

નોટીસ અને વાર્ષિક અહેવાલ ફીઝીકલ રીતે ઈમેલ દ્વારા મોકલવાની કામગીરી તા. ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૭ શનિવારના દિવસે પુરી કરવામાં આવેલી છે.

(૩) બુક ક્લોઝરઃ

કંપનીના સભ્યોનું રજીસ્ટર તથા શેર ટ્રાન્સફર બુક્સ ગુરુવાર ૨૧ મી સપ્ટેમ્બર ૨૦૧૭ થી બુધવાર ૨૭ મી સપ્ટેમ્બર ૨૦૧૭ (બંને દિવસો સહિત), ડિવીડન્ડ ચૂકવણી અને એ.જી.એમ. ના હેતુઓ માટે બંધ રહેશે.

(૪) ઈલેક્ટ્રોનિક માધ્યમથી વોટીંગઃ

કંપની દ્વારા ૨૦૧૩ ની કલમ ૧૦૮ ની જોગવાઈને કંપનીઓના (વ્યવસ્થાપન અને વહિવટ) નિયમો ૨૦૧૪ ના સુધારેલા નિયમ ૨૦ સાથે વાંચના અને સેબી (એલ.ઓ.ડી.આર.) ૨૦૧૫ ના નિયમ ૪૪ નું પાલન કરવા, કંપની તેના સભ્યોને, જેમણે કંપનીના શેર ફીઝીકલ અને ડી-મટીરીયાલાઈઝ ફોર્મમાં કટ-ઓફ બુધવાર તા. ૨૦ મી સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધી રાખ્યા છે, તેઓને નોટીસમાં જણાવેલ બધા ઠરાવો ઉપર ઈ-વોટીંગ ના માધ્યમથી ઈલેકટ્રોનિકલી ("રીમોટ ઈ-વોટીંગ") પોતાનો વોટ આપી શકે તેવી સેવા સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ લિમિટેડ (સીડીએસએલ) સાથે વ્યવસ્થા કરી છે. ધારા પ્રમાણેની વિગતો નીચે મુજબ છે :

(૧) એ.જી.એમ.ની નોટીસમાં દર્શાવ્યા મુજબના ઓર્ડીનરી અને સ્પેશયલ બીઝનેસની વોટીંગ સીસ્ટમ મારફતે ઈલેકટ્રોનિકસ પધ્ધતિથી આપી શકશે.

(૨) રીમોટ ઈ-વોટીંગ નો સમય રવિવાર તા. ૨૪ મી સપ્ટેમ્બર ૨૦૧૭ (સવારના ૯-૦૦ કલાકે) થી શરૂ થશે અને મંગળવારે તા. ૨૬મી સપ્ટેમ્બર ૨૦૧૭ (સાંજના ૫-૦૦ કલાકે) પુરો થશે.

(૩) વોટ આપવા માટે લાયકાતની કટ-ઓફ બુધવાર તા. ૨૦ મી સપ્ટેમ્બર ૨૦૧૭ રહેશે.

(૪) જો કોઈ વ્યક્તિ વાર્ષિક સાધારણ સભાની નોટીસ આપ્યા પછી અથવા કટ-ઓફ તારીખ પહેલા કંપનીનો સભ્ય બન્યો હોય તો તેઓ રીમોટ ઈ-વોટીંગના ઓળખપત્રો મેળવવા માટે ઈ-મેલ "helpdesk.evoting@cdslindia.com" પર અથવા "csjindal@jindaltextiles.com" પર લખી શકશે.

જે વ્યક્તિ સીડીએસએલ સાથે પહેલાથી રજીસ્ટર્ડ હોય તે પોતાનું હાલનું યુઝર આઈડી અને પાસવર્ડ ઈ-વોટીંગ માટે વાપરી શકે છે.

(૫) બેલેટ પેપર દ્વારા વોટીંગની સગવડ વાર્ષિક સભામાં ઉપલબ્ધ છે.

(૬) બધા સભ્યો જાણમાં લે

(એ) રીમોટ ઈ-વોટીંગ ની પ્રક્રિયા ઉપર જણાવેલ તારીખ અને સમય બાદ સીડીએસએલ દ્વારા નિષ્ક્રિય કરી દેવામાં આવશે.એકવાર સભ્યે કોઈ એક ઠરાવ ઉપર વોટ આપી દીધો એ પછી વોટીંગ માં ફેરફાર કરવા દેવામાં આવશે નહિ.

(બી) જે સભ્યો ઈ-વોટીંગ દ્વારા પોતાના મતાધિકાર નો ઉપયોગ કરી ચૂકયા હોય તેઓ વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપી શકશે પરંતુ ફરીવાર મત આપી નહિ શકે.

(સી) કોઈપણ વ્યક્તિ જેનું નામ સભાસદ રજીસ્ટરમાં નોંધાયેલ હોય અથવા કટ-ઓફ તારીખના રોજ ડિપોઝીટરીઝ દ્વારા બેનીફીશ્યલ ના માલિકોના રજીસ્ટરમાં નોંધાયેલા હોય તેવી વ્યક્તિઓને જ રીમોટ ઈ-વોટીંગ કે એજીએમના સ્થળે મત આપવાનો અધિકાર રહેશે.

(૭) જો કોઈપણ મૂંઝવણ હોય તો સભ્યો "સતત પ્રશ્નો પૂછો" (FAQs) ને જોઈ શકે છે અને મદદ વિભાગ અન્વયે "www.evotingindia.com" ઉપરથી ઈ-વોટીંગ મેન્યુઅલ મેળવી શકાય છે અથવા "helpdesk.evoting@cdslindia.com" પર અથવા "csjindal@jindaltextiles.com" ઈમેલ કરો.

સ્થળઃ અમદાવાદ
તારીખઃ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૭

બોર્ડના હુકમથી, **જીંદાલ વર્લ્ડવાઈડ લિમીટેડ,**
સહી/- **(અમિત અગ્રવાલ)** મેનેજીંગ ડિરેકટર (DIN: 00169061)

શ્રી ગણેશ ઈલાસ્ટોપ્લાસ્ટ લિમિટેડ

CIN : L25200GJ1994PLC021666

રજી. ઓફિસ : ૧૧૯, ગ્રાઉન્ડ ફ્લોર, સહજાનંદ કોલેજ સામે, પોલીટેક્નીક રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૦૭૯-૨૬૩૦૧૩૭૫, વેબસાઇટ : www.ganeshelastoplast.com ઈમેઈલ - ganeshelastoplast@gmail.com

નોટીસ

કંપની એક્ટ ૨૦૧૩ના વિભાગ ૨૦(૨)ના નિયમો, વિભાગ (૧૦૧) (૧), નિયમન નંઃ ૪૭ (૧)(ડી) સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર જરૂરીયાતો) રેગ્યુલેશન્સ ૨૦૧૫ અને વિભાગ ૧૦૧ (૧) નો સંદર્ભ લો (કંપનીઓના નિયમો ૩૫ (ઈનકોર્પોરેશન) નિયમો ૨૦૧૪ વાંચો)

તમામ શેરધારકો, રોકાણકારો અને સંબંધિત વ્યક્તિઓને સૂચના આપવામાં આવે છે કે શ્રી ગણેશ ઈલાસ્ટોપ્લાસ્ટ લિમિટેડના શેરહોલ્ડરોની ૨૩ મી વાર્ષિક સામાન્ય સભા **શનિવાર, ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૧૭** ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે કંપનીના રજિસ્ટર્ડ ઓફિસમાં રાખવામાં આવશે. કંપની એક્ટ ૨૦૧૩ ની કલમ ૧૦૨ મુજબ જો કોઈ પણ જો સ્પષ્ટીકરણના નિવેદનો સાથે ૨૩ મી વાર્ષિક સામાન્ય સભાને બોલાવેલી નોટિસમાં જણાવેલી વેપાર અને અન્ય કારોબારોનો માટે મળશે. નાણાકીય વર્ષ માટે ઓડિટેડ ફાઈનાન્સિયલ સ્ટેટમેન્ટ સાથેની વાર્ષિક સામાન્ય સભાને સમાવિષ્ટ કરવામાં આવતી નોટિસ **૩૧ મી માર્ચ ૨૦૧૭** ના રોજ કંપનીની વેબસાઈટ **www.ganeshelastoplast.com** પર અપલોડ કરવામાં આવે છે અને તે વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે.

ઓડિટેડ વાર્ષિક રિપોર્ટની એક નકલ, તેના તમામ જોડાણ અને નોટિસ સાથે ૨૩ મી વાર્ષિક સામાન્ય સભાને સંમતિ આપીને કંપનીના તમામ શેરહોલ્ડરોને મોકલવામાં આવે છે, જે શેરધારકોના ઈ-મેઈલ દ્વારા રજિસ્ટર્ડ છે અને જે શેર ટ્રાન્સફર એજન્ટ્સ દ્વારા રેકોર્ડ ડેટ પર શેર ધરાવે છે. જેમણે કંપની, રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ અથવા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ, અને અન્ય તમામ શેરહોલ્ડરોને તેમના રજિસ્ટર્ડ ઈમેલ સરનામા કંપની પાસે છે તેઓને ઈમેઈલ થી અને અન્યને ટપાલથી મોકલેલ છે.

મીટિંગમાં હાજરી આપવા અને મત આપવાના હકદાર એક શેરહોલ્ડર વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપવા અને તેમના માટે વતી મત આપવા માટે પ્રોક્સીની નિમણૂક કરવાનો હકદાર છે. જો મતદાન ચેરમેન દ્વારા એજીએમમાં આદેશ આપવામાં આવે તો, માન્ય અને અસરકારક હોવા માટે પ્રોક્સી નિમણૂક નિયત ફોર્મ ભરીને, સ્ટેમ્પ લગાડેલી, સહી કરવી જરૂરી છે અને કંપનીના રજીસ્ટર ઓફિસમાં મીટિંગ શરૂ થવાના સમય માટે ઓછામાં ઓછા ૪૮ કલાક પહેલાં જમા કરાવવી જરૂરી છે.

સભ્યોનું રજિસ્ટર અને કંપનીની શેર ટ્રાન્સફર બુક્સ **૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૭ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૭** (બંને દિવસ સહિત) થી બંધ રહેશે. કંપનીએ વેબસાઈટ **www.evotingindia.com** પર સીડીએસએલની ઈ-વોટિંગ સિસ્ટમમાં સભ્યોની નોંધણી અપલોડ કરવા માટેની રેકોર્ડ તારીખ તરીકે ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૭ નું નક્કી કર્યું છે. શેરધારકો સીડીએસએલની વેબસાઈટની મુલાકાત લઈને ૨૭ મી સપ્ટેમ્બર, ૨૦૧૭ ૯.૦૦ કલાકે ૨૯ મી સપ્ટેમ્બર, ૨૦૧૭, ૫.૩૦ સુધી વેબસાઈટ ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરી શકે છે.

તારીખ : ૦૫-૦૯-૨૦૧૭
સ્થળ : અમદાવાદ

શ્રી ગણેશ ઈલાસ્ટોપ્લાસ્ટ લિમિટેડના બોર્ડ ઓફ ડાયરેક્ટરના હુકમથી
ભરત વી. મશરૂવાલા (હોલ ટાઈમ ડાયરેક્ટર) (ડીન નં. : ૦૩૪૪૦૫૦૩)

GUJARAT THEMIS BIOSYN LIMITED

CIN: L24230GJ1981PLC004878
Regd. Office. 69/C, GIDC Industrial Estate, Vapi, Dist: Valsad, Gujarat-396195
Phone No: 91-22-67607080 Fax: 91-22-67607019
website http://www.gtbl.in E-mail: gtblmumbai@gtbl.in

NOTICE

NOTICE is hereby given that the 36th Annual General Meeting (AGM) of Gujarat Themis Biosyn Limited (the Company) will be held on Wednesday, the 27th September 2017 at 12 Noon at the Registered Office of the Company situated at 69/C, GIDC Industrial Estate, Vapi, Dist. Valsad, Gujarat-396 195, to transact the business listed in the notice dated 8th August, 2017 which had been sent through email to the members who have registered their email-ID with the Company/Depository Participant(s) DP and in physical form for other members to their respective registered address. The notice of the ensuring AGM along with explanatory statement and annual report is also available on the Company's website viz http://www.gtbl.in

The Company has also offered e-voting facility in accordance with the Companies (Management and Administration) Rules, 2014. The Company has engaged Central Depository Services (India) Limited (CDSL) an agency authorized by the Ministry of Corporate Affairs (MCA), for this purpose. For further details in connection with e-voting, members may also visit the website www.evotingindia.com. The Board of Directors of the Company has appointed M/s. H. V. Gor & Co., a Practicing Company Secretaries, Mumbai as scrutinizer to scrutinize the e-voting / poll process in a fair and transparent manner.

Members are requested to carefully read the instructions printed for voting through E-voting on the AGM Notice.

Website addresses of the Company and of the agency where Notice of the meeting is displayed: http://www.gtbl.in and www.evotingindia.com.

The business may be transacted through voting by electronic means.

Members are also requested to note the following:

1	Date of completion of dispatch of Notice	1st September, 2017
2	Date and time of Commencement of remote e-voting	23rd September, 2017(9.00 am)
3	Date and time of end of remote e-voting. Remote e-voting will not be allowed beyond this date and time	26th September, 2017(5.00 pm)
4	Cut-off date of determining the members eligible for e-voting	20th September, 2017

Remote e-voting shall not be allowed beyond 26th September, 2017, 5:00 PM

In case a person become the member of the Company after the dispatch of AGM notice but on or before the cutoff date i.e. 20th September, 2017 may write to the Company's Registrar and Share Transfer Agent, M/s Link Intime India Private Limited., through E-mail rnt.helpdesk@linkintime.co.in for obtaining the credentials for remote e-voting. However, if a person is already registered with CDSL for e-voting, then existing user ID and password can be used for casting vote.

Members who have not cast their votes through remote e-voting can exercise their votes either through electronic voting system or polling paper which shall be made available at the meeting.

A person whose name is recorded in the Register of Members or in the register of beneficial owners maintained by the depositories as on the cut-off date only shall be entitled to avail the facility of remote e-voting as well as voting in the General Meeting.

Member may participate in the AGM even after exercising his rights to vote through e-voting but shall not be entitled to vote again at the AGM.

For any grievance/queries relating to voting by electronic means, shareholders are requested to contact Mr. Abhishek D. Buddhadev, Phone: 0260-2430027 Email: cfoassist@themismedicare.com and gtblmumbai@gtbl.in address: 69/C, GIDC Industrial Estate, Vapi, Dist. Valsad, Gujarat-396 195.

The result of voting will be announced by the Company in its website http://www.gtbl.in and also will be informed to the Stock exchanges.

Pursuant of provisions of section 91 of the Companies Act, 2013 and Rule 10 of the Companies (Management and Administration) Rules, 2014 read with Regulation 42 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulation, 2015, the Register of Members and Share Transfer Books of the company will remain closed from Thursday, 21st September, 2017 to Wednesday, 27th September, 2017 (both days inclusive).

A MEMBER ENTITLED TO ATTEND AND VOTE AT THE ANNUAL GENERAL MEETING OF THE COMPANY IS ENTITLED TO APPOINT A PROXY TO ATTEND AND VOTE INSTEAD OF HIMSELF/HERSELF AND THE PROXY NEED NOT BE A MEMBER.

By order of the Board
For For GUJARAT THEMIS BIOSYN LTD
SD/-
Abhishek D. Buddhadev
(Company Secretary)

Place: Vapi
Date: 04/09/2017

સયાજી હોટલ્સ લિમિટેડ

CIN: L51100GJ1982PLC005131
રજિસ્ટર્ડ ઓફિસ : "સયાજી હોટલ", રાજશ્રી ટોકીઝ સામે, કાલા ઘોડા પાસે, સયાજીગંજ, વડોદરા-૩૯૦૦૦૫ (ગુજરાત)
સંપર્ક.:૦૨૬૫-૨૩૬૩૦૩૦, ઈ મેઈલ. :cs@sayajigroup.com
વેબસાઈટ: www.sayajihotels.com

૩૪મી વાર્ષિક સામાન્ય સભા, બુક બંધ અને ઈ-વોટિંગ અંગે નોટિસ

આથી નોટીસ આપવામાં આવે છે કે સયાજી હોટલ્સ લિમિટેડના સભ્યોની ૩૪મી વાર્ષિક સાધારણ સભા શુક્રવાર તા.૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ બપોરે ૩.૦૦ કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ "સયાજી હોટલ", રાજશ્રી ટોકીઝ સામે, કાલા ઘોડા પાસે, સયાજીગંજ, વડોદરા-૩૯૦૦૦૫ (ગુજરાત) ખાતે સભાની નોટીસમાં દર્શાવેલા કામકાજ કરવા માટે મળશે.

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮, કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ ના નિયમ ૨૦ અને સેબી (એલ.ઓ.ડી.આર.) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમ ૪૪ અન્વયે નોટીસ આપવામાં આવે છે કે ૩૪મી વાર્ષિક સાધારણ સભાની જાણ કરતી નોટીસમાં દર્શાવ્યા મુજબ તમામ ઠરાવો પર મત આપવા માટે સભ્યોને ઈ-વોટીંગ સુવિધા પૂરી પાડવાની જરૂરી વ્યવસ્થા કંપની દ્વારા ઉભી કરવામાં આવી છે. સભ્યો એ.જી.એમ.ના સ્થળ સિવાયના સ્થળેથી રીમોટ- ઈલેક્ટ્રોનિક વોટીંગ સિસ્ટમ દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે મત આપી શકશે. તમામ સભ્યોને જાણ કરવામાં આવે છે કે :

૧. ૩૪મી એ.જી.એમ.ની જાણ કરતી નોટીસમાં દર્શાવ્યા મુજબના સાધારણ અને ખાસ કામકાજ ઈ-વોટીંગ સુવિધાથી થઈ શકે છે.
૨. રીમોટ ઈ-વોટીંગનો તા.૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ સવારે ૯.૦૦ કલાક (આઈ.એસ.ટી.)થી પ્રારંભ થશે અને તા.૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ સાંજે ૫-૦૦ કલાકે (આઈ.એસ.ટી.) સમાપન થશે.
૩. ઈલેક્ટ્રોનિક માધ્યમથી મત આપવા માટેની યોગ્યતા નક્કી કરવાની કટ-ઓફ તારીખ તા.૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ છે.
૪. જો કોઈ વ્યક્તિ એ.જી.એમ.ની નોટીસ મોકલ્યા બાદ કંપનીના શેર હસ્તગત કરે તથા કંપનીનો સભ્ય બંને અને કટ-ઓફ તારીખ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધીમાં શેર ધરાવતા હોય, તો તે રજિસ્ટ્રાર તથા કંપનીના ટ્રાન્સફર એજન્ટ લિંક ઈન ઈન્ડિયા પ્રા.લિ. પાસેથી લોગ ઈન આઈ.ડી અને પાસવર્ડ મેળવી શકે છે.
૫. કંપનીએ સી.ડી.એસ.એલ. અને એન.એસ.ડી.એલ.ના રેકોર્ડમાં જે સભ્યોના ઈ-મેઈલ એડ્રેસ છે તેમને ઉપરોક્ત વાર્ષિક સાધારણ સભાની નોટીસ તથા વાર્ષિક અહેવાલ સુરક્ષિત ઈ-મેઈલ સિસ્ટમ દ્વારા તથા કંપની અને શેર ટ્રાન્સફર એજન્ટ પાસે જે સભ્યોએ તેમના સરનામા નોંધાવ્યા છે તેમને કુરીયરના માધ્યમથી નોટીસ તેમ જ વાર્ષિક અહેવાલ મોકલવાની કામગીરી તા.૪.૯.૨૦૧૭ ના રોજ પૂર્ણ કરી દીધી છે.
૬. વધુમાં સભ્યોએ નોંધ લેવી કે :
   (અ) રીમોટ ઈ-વોટીંગ સુવિધા ઉપરોક્ત તારીખ અને સમય એટલે કે તા.૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાક (આઈ.એસ.ટી.) બાદ ઉપલબ્ધ થશે નહીં.
   (બ) જે સભ્યોએ રીમોટ ઈ-વોટીંગ દ્વારા મત આપ્યો નથી તે એ.જી.એમ.માં મતદાન દ્વારા મત આપી શકે છે.
   (ક) જે સભ્યોએ એ.જી.એમ.ની તારીખ પહેલા રીમોટ ઈ-વોટીંગ દ્વારા મત આપ્યો હશે, તે સભામાં હાજર રહી શકશે, પરંતુ પુનઃ મત આપવા હક્દાર રહેશે નહીં.
   (ડ) જે વ્યક્તિનું નામ સભ્યોના રજિસ્ટર અથવા ડીપોઝીટરીઝ દ્વારા જાળવવામાં આવતા બેનિફિશિયલ ઓનર્સના રજિસ્ટરમાં કટ-ઓફ તારીખ સુધીમાં નોંધાયેલા હશે, તે જ રીમોટ -વોટીંગની સુવિધા મેળવવાને તથા વાર્ષિક સાધારણ સભામાં મતદાન દ્વારા મત આપવાને હક્દાર રહેશે.
   (ઈ) સભ્ય ઠરાવ પર એકવાર મત આપ્યા બાદ તેને બદલી શકશે નહીં.

કંપનીએ ઈ-વોટીંગ પ્રક્રિયા અને મતદાન પ્રક્રિયા યોગ્ય તથા પારદર્શી રીતે થાય તેની તપાસ કરવા માટે શ્રી રીતેશ ગુપ્તા, મેસર્સ રીતેશ ગુપ્તા એન્ડ કંપનીના માલિક, ફુલ ટાઈમ કંપની સેક્રેટરી (આઈ.સી.એસ.આઈ. સભ્યપદ ક્રમાંક-૫૨૦૦)ની સ્ક્રુટીનાઈઝર તરીકે નિમણુંક કરી છે. નોટીસ **www.sayajihotels.com** અને **www.cdslindia.com** પર ઉપલબ્ધ છે. ઈ-વોટીંગ અંગે પ્રશ્નો અથવા સમસ્યા હોય તો આપ **www.evotingindia.com** પર હેલ્પ વિભાગમાં ઉપલબ્ધ ફ્રિકવન્ટલી આસ્કડ કવેશ્ચન્સ (**"FAQs"**) તથા ઈ-વોટીંગ મેન્યુઅલનો સંદર્ભ લઈ શકો છો. અથવા **helpdesk.evoting@cdslindia.com** પર ઈ-મેઈલ કરી શકો છો કે શ્રી અમિત શરાફ, કંપની સેક્રેટરી અને માન્ય અધિકારી, સયાજી હોટલ્સ લિમિટેડ, એચ-૧, સ્કીમ નં.૫૪, વિજયનગર, ઈન્દોર- ૪૫૨૦૧૦ ને તેમના ઈ-મેઈલ આઈ.ડી. **cs@sayajigroup.com** પર કે ફોન નં.+૯૧૭૩૮૯૯ ૧૦૯૬૧ પર સંપર્ક કરી શકો છો.

બાય ઓર્ડર ઓફ ધ બોર્ડ
સયાજી હોટલ્સ લીમીટેડ
સહી/- અમિત શરાફ
કંપની સેક્રેટરી

તારીખઃ ૦૬.૦૯.૨૦૧૭
સ્થળઃ ઈન્દોર

THEMIS MEDICARE LIMITED

CIN NO : L24110GJ1969PLC001590
Regd. Off. Plot No. 69A, GIDC Indl. Estate, Vapi - 396195, Dist Valsad, Gujarat. (T) 0260-2431447 / 0260-2430219.
Corporate Office : 11/12, Udyog Nagar, S. V. Road, Goregaon (West), Mumbai-400 104.
Email ID : themis@themismedicare.com. Website Address : www.themismedicare.com.

Statement of Unaudited Financial Results for the Quarter ended 30th June, 2017

Particulars	Quarter Ended	Quarter Ended
	30/06/2017	30/06/2016
	Unaudited	Unaudited
Total Income From Operations	4,744.00	5,785.15
Net Profit/ (Loss) for the period (before tax, Exceptional and /or Extraordinary items)	(382.54)	502.39
Net Profit/ (Loss) for the period before tax (after Exceptional and /or Extraordinary items)	(382.54)	502.39
Net Profit/ (Loss) for the period after tax (after Exceptional and /or Extraordinary items) Including Share of profit / (loss) of associates	(368.99)	515.94
Total Comprehensive Income for the period (Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)	(368.40)	516.05
Paid up Equity Share Capital (Face Value Rs. 10 per share)	904.44	901.96
Earning per share (of INR 10/- each) (for continuing and discontinued operations)		
Basic	(4.07)	5.72
Diluted	(3.97)	5.56

NOTE :

1. The above is an extract of the detailed format of Quarterly unaudited Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly unaudited Financial Results are available on the Stock Exchange website viz. www.bseindia.com and www.nseindia.com and on the Company's website www.themismedicare.com
2. This Statement has been prepared in accordance with hte Companies (Indian Accounting Standards) Rules, 2015 (Ind AS), prescribed under Section 133 of the Companies Act, 2013 read with relevant rules issued thereunder and other recognized accounting practices and policies, to the extent applicable. Beginning April 1, 2017, the Company has, for the first time, adopted Ind AS with a transition date of April 1, 2016.

For & on behalf of the Board of Directors
SD/-
Dr. Sachin D. Patel
Managing Director & CEO
DIN - 00033353

Place: Mumbai
Dated : 4th September, 2017